# ડૉબાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી .

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

,શ્રી બાલાજી મંદિરની સામે ,પરિસર "જ્યોતિર્મય"

સરખેજ ,છારોડી ,ગાંધીનગર હાઇવે-અમદાવાદ-૩૮૨૪૮૧

**E-mail : feedback@baou.edu.in, Website : www.baou.edu.in**


## B.Ed (દ્વિતીય વર્ષ)

## સ્વાધ્યાયકાર્ય - (2016-2017)

| અભ્યાસકેન્દ્રને સોપવાની છેલ્લી તારીખ | પાઠ્યક્રમ કોર્ષ કોડ | સ્વધ્યાય |
|---|---|---|
| 02/04/2017 | ES- 334 | થીયરી/પ્રેક્ટીકલ |
| 06/04/2017 | ES-335 | થીયરી/પ્રેક્ટીકલ |

વિશિષ્ટ પાઠ્યક્રમો **(ES-361થી ES-364)**

| | | |
|---|---|---|
| 06/04/2017 | ES-361-364 | થીયરી/પ્રેક્ટીકલ |

**સૂચના:-**

1. દરેક વિષયના સ્વાધ્યાય ફરજિયાત છે.
2. તમારા સ્વાધ્યાયપત્રો તમામ પ્રોગ્રામકેન્દ્રના કો- ઓર્ડીનેટરને નિયત સમયમાં રૂબરૂ કે રજીસ્ટર ટપાલથી જમા કરાવાના રહેશે.
3. સ્વાધ્યાયની એક કોપી પોતાની પાસે ઝેરોક્ષ કરાવીને રાખવી.

## <u>પ્રિય વિદ્યાર્થી મિત્રો</u>

દૂરવર્તી શિક્ષણમાં અભ્યાસ માટે દરેક અભ્યાસક્રમમાં પાઠ્યક્રમદીઠ સ્વાધ્યાયકાર્ય રજૂ કરવા ફરજિયાત છે. દરેક સ્વાધ્યાયકાર્ય માટે 100 ગુણ નિશ્ચિત છે. પરિણામમાં તેનો ભારાંક ૩૦% છે.

સ્વાધ્યાયકાર્યનો મુખ્ય ઉદેશ્યપરીક્ષા માટેની પૂર્વ તૈયારી છે. સ્વાધ્યાયકાર્યમાં પૂછવામાં આવેલ પ્રશ્નોનું માળખું પરીક્ષાના પ્રશ્નપત્ર જેવું હોય છે. પ્રશ્નોના જવાબમાં અભ્યાસ સામગ્રીનું પુનરાવર્તન કરવાનું નથી હોતું. તમે તમારે પાઠ્યક્રમના સ્વાધ્યાયકાર્યમાં પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ લખતા પહેલા પ્રથમ પાના ઉપર નીચે મુજબની માહિતી લખવી જરૂરી છે.

વાંચનથી જે શીખ્યા છો, જે સમજ્યા છો, તે પોતાની ભાષામાં લખવાનું હોય છે. જેથી તમે સ્વાધ્યાયકાર્ય તૈયારી કરવાની કામગીરી ગંભીરતાથી કરશો.

- પૂરું નામ
- પાઠ્યક્રમ
- સ્વાધ્યાય સંખ્યા
- અભ્યાસક્રમ
- સરનામું
- નોંધણી નંબર

અમે ઈચ્છીએ છીએ કે તમે દરેક સ્વાધ્યાયકાર્ય અલગ અલગ ચોપડામાં સુંદર ભાષામાં ઉપર દર્શાવેલ મુજબની માહિતી સાથે છેલ્લી તારીખ પહેલા અભ્યાસ કેન્દ્ર પર મોકલી આપશો.સ્વાધ્યાયકર્યો પ્રથમવર્ષ અને દ્વિતિયવર્ષ તેમજ અન્ય જે-તે વર્ષના પ્રાયોગિક કાર્યો પૂર્ણ કર્યા બાદ જ લેખિત પરીક્ષાનું ફોર્મ ભરવું અન્યથા લેખિત પરીક્ષા આપવા દેવામાં આવશે નહિ

**પાઠ્યક્રમ : ES-334 વિષય : શિક્ષણ અને સમાજ કુલ ગુણ : 100**

**પ્રશ્ન-1 નીચે આપેલ પ્રશ્નનો જવાબ આપો.** **(1 X 20 = 20)**

કેળવણીનું સ્વરૂપ સ્પષ્ટ કરી કેળવણીમાં લોકશાહી સિદ્ધાંતો વિશે વિગતે ચર્ચા કરો.

**પ્રશ્ન-2 નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપો.** **(2 X 20 = 40)**

1. શૈક્ષણિક મૂલ્યાંકન એટલે શુ? વર્તમાન પરીક્ષાતંત્રની ખામીઓ જણાવી તેના નવીનીકરણના ઉપાયો જણાવો.
2. નિસર્ગવાદી પરિપ્રેક્ષ્યમાં શાળાની સંકલ્પના સ્પષ્ટ કરી અભ્યાસક્રમ અને શિક્ષકની ભૂમિકા વિસ્તારથી સમજાવો.

**પ્રશ્ન-3 નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.** **(4 X 5 = 20)**

1. શિક્ષક-પ્રશિક્ષણના સંદર્ભે (1986) ની રાષ્ટ્રીય શિક્ષણનીતિ ના વિશિષ્ટ લક્ષણોની ચર્ચા કરો.
2. લોકશાહી અને શિક્ષણ વચ્ચેનો આંતર સંબંધ સમજાવો.
3. રાષ્ટ્રીય વિકાસમાં કેળવણીની મુખ્ય ભૂમિકાની ચર્ચા કરો.
4. હસ્તક્ષેપ વ્યૂહ રચનાઓની સૂક્ષ્મ-યોજનાથી તમે શું સમજો છો? ચર્ચા કરો.

**પ્રશ્ન-4 (અ) જોડકા જોડો** **(2 X 4 = 8)**

| | અ | બ |
|---|---|---|
| 1. | NLM | બિન ઔપચારિક શિક્ષણ |
| 2. | MLL | જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ |
| 3. | DPEP | લઘુતમ અધ્યયન કક્ષા |
| 4. | NFM | રાષ્ટ્રીય સાક્ષરતા અભિયાન |

**(બ) માંગ્યા મુજબ જવાબ આપો.** **(2 X 6 =12)**

1 સ્થગિતતા શોધવાનું સૂત્ર જણાવો.

2. ભારતીય સંવિધાનનો અનુચ્છેદ-46-સામાજિક ન્યાયના સંદર્ભમાં માર્ગદર્શક સિદ્ધાંત જણાવો.

3. **S.U.P.W.** નું પૂરુ નામ જણાવો.

4. પંચવર્ષીય યોજનામાં શૈક્ષણિક વિકાસના ચાર પ્રવાહો જણાવો.

5. શિક્ષણની ત્રિ ધ્રુવી પ્રક્રિયામાં કયા-કયા ત્રણ ધ્રુવો છે.

6. પ્રયોજનવાદ ગ્રીક શબ્દ _______માંથી ઉતરી આવ્યો છે.

# ES-335 : શિક્ષક અને શાળા

કુલ ગુણ : 100

અભ્યાસકેન્દ્ર પર સોપવાની તારીખ :- **15/06/2017**

નીચેના પ્રશ્નોનાં જવાબ આશરે 1500 શબ્દોમાં આપવાના રહેશે

**પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નો ના જવાબ આશરે 500 શબ્દોમાં આપવાના રહેશે. (1 X 20 = 20)**

શાળા પરિપ્રેક્ષ્યમાં આવનારી સમસ્યાઓ નીચે આપવામાં આવી છે. શિક્ષક તરીકે તમે કઈ પ્રવિધિનો નિર્ણય લેવા માટે તમે ઉપયોગ કરશો, જેથી સમસ્યાનો વિકલ્પ મળી શકે અને સારો નિર્ણય લઇ શકાય?

સમસ્યા-I : શાળા કક્ષાએ ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજીના વધતા જતા ઉપયોગની શિક્ષક અને વિદ્યાર્થી ઉપર થતી અસર

સમસ્યા-II: તમારી શાળામાં રાષ્ટ્રીય કક્ષાનો સેમીનાર યોજાનાર છે, તેમાં તેમાં વર્તમાન પરિસ્થિતિને આધારે કયા પ્રકારના વિષયો મૂકી શકાય?

**પ્રશ્ન-૨ વિવરણનાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ 500 શબ્દોમાં આપો. (2 X 20 = 40)**

(અ)પ્રત્યાયનની સંકલ્પના સમજાવી પ્રત્યાયનની પ્રક્રિયા સમજાવો. પ્રત્યાયનના અવરોધો દૂર કરવાના સૂચનો જણાવો.

(બ)ટૂંકનોંધ લખો: (1) સ્વ મૂલ્યાંકન (2) સહકાર્યકર ધ્વારા મૂલ્યાંકન

**પ્રશ્ન-3(અ) મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૨૫ શબ્દોમાં આપો. (4 X 5 = 20)**

(1) શિક્ષણના વ્યવસાયની લાક્ષણિકતાઓની વિગતવાર સમજુતી આપો.

(2) સહઅભ્યાસ પ્રવૃત્તિઓની જરૂરિયાત અને મહત્વ સમજાવો.

(3) શિક્ષક પાસે સમાજ કઈ સામાજિક અપેક્ષા રાખે છે?

(4) “શિક્ષણ એ સામાજિકીકરણની એક પ્રક્રિયા છે” સમજાવો.

**(બ) હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. (10 X 2 = 20)**

(1) ઔપચારિક શિક્ષણ આપતી કોઈપણ ચાર સંસ્થાના નામ આપો.

(2) શિક્ષક સહકર્મચારી તરીકેની ભૂમિકા શામાટે ભજવે છે?

(3) લઘુમતીઓના શિક્ષણ અંગે બંધારણની કઈ કલમમાં ઉલ્લેખ થયેલ છે?

(4) એક પ્રભાવશાળી નેતામાં તમારા મતે કયા પ્રકારના ગુણ હોવા જોઈએ?

(5) સ્ટોનર અને ફ્રીમેન ધ્વારા ઔપચારિક પદ્ધતિસરના મૂલ્યાંકનના દર્શાવેલ બે હેતુઓ જણાવો.

(6) શિસ્તની જાળવણી માટે શિક્ષક કેવી રીતે કાર્ય કરી શકે? તમારો કોઈએક અનુભવ વર્ણવો.

(7) NCERT સ્વાયત્ત સંસ્થા તરીકે ક્યારે અસ્તિત્વમાં આવી? સંસ્થાના પ્રમુખ કોણ હોય છે?

(8) એક શિક્ષક તરીકે વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક ગુણોનો વિકાસ થાય તેવી કઈ પ્રવૃત્તિઓ કરાવશો?

(9) તમારા મતે અસરકારક શિક્ષક કોને કહી શકાય?

(10) સંગૃહિત પ્રગતિપત્રક શું છે?

# ES-361 : શૈક્ષણિક પ્રોદ્યોગિકી

**કુલ ગુણ : 100**

અભ્યાસકેન્દ્ર પર સોપવાની તારીખ :- 15/06/2016

નીચેના પ્રશ્નોનાં જવાબ આશરે 1500 શબ્દોમાં આપવાના રહેશે

**પ્રશ્ન-૧ પ્રાયોગિક પ્રકારના પ્રશ્ન નો જવાબ 500 શબ્દોમાં આપો. (1 X 20 = 20)**

(અ) કોઈપણ એક પ્રશિક્ષણ આપતી સંસ્થાની મુલાકાત લઈ સંસ્થા ધ્વારા શૈક્ષણિક વર્ષ:૨૦૧૪-૧૫ માં વિદ્યાર્થી માટે કયા કયા પ્રકારના શૈક્ષણિક કાર્યક્રમો કરેલ હતા તેની રૂપરેખા આપો. (અહેવાલમાં જે તે સંસ્થાના સહી-સિક્કા કરાવવા)

(બ) વિદ્યાર્થીઓ સ્વ-અધ્યયન માટેની ટેવ વિકસાવે : આ વિધાન સંદર્ભે શિક્ષક તરીકે તમારો મત કારણો સહીત રજુ કરો.

**પ્રશ્ન: ૨ વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ ૫૦૦ શબ્દોમાં આપો. (2 X 20 = 40)**

(અ) અધ્યયન-અધ્યાપનના ઉપકરણના રૂપમાં અપ્રક્ષેપિત પરિમાણીય દૃશ્ય સામગ્રીઓના પ્રકાર જણાવી તેનો ઉપયોગ આપના વિષય અંતર્ગત કોઈએક એકમ માટે કરો. (આયોજન સહિત)

(બ) માધ્યમોની પસંદગીને અસર કરતા પરિબળોની સવિસ્તૃત ચર્ચા કરો.

**પ્રશ્ન: ૩ (અ) મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૨૫ શબ્દોમાં આપો. (4 X 5 = 20)**

(1) મીરામ્બિકા શાળાના ઉદ્દેશો જણાવી તેમાં વર્ગખંડની સંકલ્પના વિષે વિગતવાર રજુઆત કરો.

(2) શિક્ષણ કાર્યને વધુ અસરકારક બનાવવા માટે અધ્યયન-અધ્યાપન સાધનોની અગત્યતા તમારા શબ્દોમાં રજૂ કરો.

(3) ચિંતનની મિથ્યાભાસી રૂપક શાખા યંત્રેતર સામગ્રીના આયોજનને કેવી રીતે અસર કરે છે ?

(4) અધ્યયન પ્રક્રિયાના તબક્કાઓ સમજાવો.

**પ્રશ્ન: ૩ (બ) હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો. . (10 X 2 = 20)**

(1) પદ્ધતિ અને માધ્યમ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

(2) IOSN વિષે ટૂંકમાં જણાવો.

(3) "અનવિન" ધ્વારા આપેલી શૈક્ષણિક ટેકનોલોજીની વ્યાખ્યા દર્શાવો.

(4) કારક અભિસંધાનના સિદ્ધાંતો જણાવો.

(5) દૂરવર્તી અનુશિક્ષણ પ્રણાલી વિષે જણાવો.

(6) કેમ્પ અને સ્મેલી ના મત મુજબ શૈક્ષણિક યંત્રેતર સામગ્રી માટે સફળ થવા કઈ બાબતો જરૂરી છે ?

(7) કવાયત અને મહાવરામાં કેવા પ્રકારના પ્રશ્નો હોય છે?

(8) CAL પેકેજનું મૂલ્યાંકન કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાને લેવી જોઈએ?

(9) જ્હોન ડ્યુઈ એ અસરકારક સમસ્યા ઉકેલ માટે સૂચવેલ સોપાનો જણાવો.

(10) "ક્રિયા ધ્વારા અધ્યયન " સમજાવો.

# ES-362 : શિક્ષણમાં  કમ્પ્યુટર

કુલ ગુણ:100

**અભ્યાસકેન્દ્ર પર સોપવાની તારીખ  :-**

**નીચેના પ્રશ્નોનાં જવાબ આશરે 1500 શબ્દોમાં આપવાના રહેશે**

**પ્રશ્ન-૧ નીચેના પ્રશ્નો ના જવાબ આશરે 500 શબ્દોમાં આપવાના રહેશે.** **(1 X 20 = 20)**

શૈક્ષણિક આયોજનનાં પ્રકારો વર્ણવી તેની પ્રક્રિયા સમજાવો.

**પ્રશ્ન-૨ વિવરણનાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ 500 શબ્દોમાં આપો.** **(2 X 20 = 40)**

(1) શુમેનના પૂછપરછ પ્રશિક્ષણ પ્રતિમાન પર વિસ્તૃત નોંધ લખો.

(2) બૌદ્ધિક અનુશિક્ષણ પ્રણાલીઓની વિભાવના વિકાસ અને ઘટકો પર નોધ લખો.

**પ્રશ્ન-3(અ) મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ ૧૨૫ શબ્દોમાં આપો.** **(4 X 5 = 20)**

(1) સંશોધન ક્ષેત્રે કમ્પ્યુટરનાં ઉપયોગ પર  ટૂંકનોંધ લખો

(2) શિક્ષણમાં કમ્પ્યુટરનાં ઉપયોગની સમસ્યાઓ જણાવો.

(3) વિકલાંગ વિદ્યાર્થીઓને મુખ્ય પ્રવાહમાં કાર્ય કરતાં કરવામાં કમ્પ્યુટર્સનો શો ફાળો હોઈ શકે?

(4) કમ્પ્યુટર્સમાં ઉપયોગમાં લેવાતી Input Devices અને તેનાં ઉપયોગો જણાવો.

**(બ) હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો.** ( (10 X 2 = 20)

(1) બે થી પાંચ વર્ષનાં ટૂંકા ગાળાના શૈક્ષણિક આયોજનને __________ આયોજન કહે છે.

(2) શાળા વહીવટમાં કમ્પ્યુટર ઉપયોગના કોઈ બે ક્ષેત્રોના નામ આપો.

(3) વ્યવસ્થાપન માહિતી તંત્રના સંદર્ભમાં DSS અને OAS ના પુરા નામ લખો.

(4) કમ્પ્યુટરની કોઈ પણ બે OUTPUT DEVICES ના નામ લખો.

(5) WIDE AREA NETWORK (WAN) નો ઉપયોગ થતો હોય તેવા કોઈ બે સ્થળો/સંસ્થાઓનાં નામ લખો.

(6) વિદ્યાર્થી –કમ્પ્યુટર આંતરક્રિયાને કયા ત્રણ વિભાગમાં વહેચવામાં આવે છે?

(7) "આપણે સમસ્યાને પૃથ્થક અને અસ્પષ્ટ રીતે યુગ્મિત તબક્કામાં વિભાજીત કરી શકીએ" એવું કઈ વ્યૂહરચનામાં સ્વીકાર્ય નથી?

(8) પ્રવીણતા અધ્યયન શબ્દનો સર્વ પ્રથમ ઉલ્લેખ ________ અને _______એ કર્યો હતો.

(9) CBI અને CAI ના પુરા નામ લખો.

(10) નાના બાળકોને બાદબાકીની પ્રક્રિયા શીખવાડવા માટે કયા આઈટીએસ તંત્રનો ઉપયોગ જાણીતો છે?

# ES-363-માર્ગદર્શન અને સલાહ

**કુલ ગુણ : 100**

અભ્યાસકેન્દ્ર પર સોપવાની તારીખ :- **15/06/2016**

નીચેના પ્રશ્નોનાં જવાબ આશરે 1500 શબ્દોમાં આપવાના રહેશે

**પ્રશ્ન-૧ પ્રાયોગિક પ્રકારના પ્રશ્ન નો જવાબ 500 શબ્દોમાં આપો. (1 X 20 =20)**

(1) તમારી શાળામાં સમૂહ માર્ગદર્શન અંતર્ગત કારકિર્દી પરિષદ અને કારકિર્દી વાર્તાલાપનું આયોજન કઈ રીતે કરી શકાય ? તેના આયોજનની રૂપરેખા તૈયાર કરો.

**પ્રશ્ન: 2 નીચેના પ્રશ્નનો ઉત્તર આશરે 500 શબ્દોમાં આપો. (2 X 20 40)**

(1) સલાહનો અર્થ જણાવી , સલાહના મુખ્ય અભિગમો સમજાવો.

(2) કારકિર્દી પરિપક્વતાની સંકલ્પના સ્પષ્ટ કરી કારકિર્દી આયોજનમાં શિક્ષકની ભૂમિકા સમજાવો.

**પ્રશ્ન: 3(અ) નીચેના પ્રશ્નનો ઉત્તર આશરે 125 શબ્દોમાં આપો (4 X 5 20)**

(1) વિકલાંગ વ્યક્તિની સંવેગિક સમસ્યાઓ જણાવો.

(2) અનુસુચિત જનજાતિને શિક્ષણમાં પડતી મુશ્કેલીઓની ચર્ચા કરો.

(3) વર્તન સમસ્યાના પ્રકારો જણાવો.

(4) માર્ગદર્શનનું સ્વરૂપ અને જરૂરિયાત સમજાવો.

**પ્રશ્ન: 3(બ) નીચેના પ્રશ્નનો ઉત્તર ટૂંકમાં આપો. (10 X = 20)**

(1) વર્ગખંડ અધ્યયનમાં અને માર્ગદર્શનમાં અસર કરતા ચાર પરિબળો જણાવો.

(2) શાળાની માર્ગદર્શન સમિતિની રચનામાં કયા-કયા સભ્યો હોવા જોઈએ?

(3) આત્મવૃત્તાન્તની સંકલ્પના જણાવો.

(4) મૂલ્યાંકનના સોપાનો ટૂંકમાં જણાવો.

(5) હોલેન્ડના સિદ્ધાંતમાં વર્ણિત છ પ્રતિમાન પર્યાવરણના નામ લખો.

(6) કાર્ય પ્રત્યે અભીપ્રેરણા આપતી ચાર મનોવૈજ્ઞાનિક જરૂરિયાતોના નામ આપો.

(7) છોકરીઓની કોઈ પણ ચાર કારકિર્દી વિષયક સમસ્યાઓ જણાવો.

(8) બાળકોની વર્તન સમસ્યાઓ સુધારવામાં મા-બાપની ભૂમિકા વર્ણવો.

(9) વંચિત વિદ્યાર્થીઓના શિક્ષણની અભિવૃદ્ધિ માટેની યોજનાઓના નામ આપો.

(10)સમાવર્તક શાળાની સંકલ્પના સમજાવો.

# B.Ed.(દ્વિતીય વર્ષ)

## ES - : 364 દૂરવર્તી શિક્ષણ

કુલ ગુણ =100

**અભ્યાસકેન્દ્ર પર સોપવાની તારીખ :- 06/03/2017**

**નીચેના પ્રશ્નોનાં જવાબ આશરે 1500 શબ્દોમાં આપવાના રહેશે.**

**પ્રશ્ન-૧ પ્રાયોગિક પ્રકારના પ્રશ્નનો જવાબ 500 શબ્દોમાં આપો.** (1 X 20 =20)

દૂરવર્તી શિક્ષણ દ્વારા ચાલતા અભ્યાસ કેન્દ્રમાં સ્નાતક,ડિપ્લોમાં અને સર્ટીફીકેટ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ પાંચ–પાંચ વિદ્યાર્થીઓની મુલાકાત લઈ અભ્યાસક્રમ અને દૂરવર્તી શિક્ષણ દ્વારા ફાયદા અને ગેરફાયદા વિષેની વિગતવાર યાદી તૈયાર કરો.

**પ્રશ્ન ૨ વિવરણાત્મક શ્રેણીના પ્રશ્નોના જવાબ 500 શબ્દોમાં આપો.** (2 X 20 40)

(1) દૂરવર્તી શિક્ષણ દ્વારા બી.એડ્.અભ્યાસક્રમમાં સ્વ-અધ્યયનના વિકાસમાં ફાળો આપતા પરિબળોની વિગતવાર યાદી તૈયાર કરો.

(2) દૂરવર્તી શિક્ષણમાં મૂલ્યાંકન બાબતે ચર્ચા કરો.

**પ્રશ્ન 3 મધ્યમ શ્રેણીના પ્રશ્નોના જવાબ 125 શબ્દોમાં આપો.** (4 X 5 20)

(1) દૂરવર્તી શિક્ષણમાં સ્વ-અધ્યયન સામગ્રી તૈયાર કરવા માટે મુદ્દા અને પેટા મુદ્દાના નામ આપો.

(2) દૂરવર્તી શિક્ષણનું કાર્યક્ષેત્ર ટૂંકમાં વર્ણવો.

(3) દૂરવર્તી શિક્ષણ અને પરંપરાગત યુનિ.શિક્ષણ વચ્ચે તફાવતના પાંચ મુદ્દાઓ સમજાવો.

(4) કેન્દ્રીત અને વિકેન્દ્રીત મૂલ્યાંકન વચ્ચે ભેદ સ્પષ્ટ કરો.

**પ્રશ્ન ૪ હેતુલક્ષી પ્રશ્નોના જવાબ આપો.** (10X=20)

(1) હાર્ટનેરના મતે અવૈધિક શિક્ષણ એટલે શું.

(2) વાચન કૌશલ્યના તબક્કા ના નામ જણાવો.

(3) સ્વાધ્યાયના કાર્યો જણાવો.

(4) પ્રત્યાયન ના સ્તરો કેટલા છે. કયા કયા?

(5) દૂરવર્તી શિક્ષણ પરિષદ(DEC) નો કાયદો કોણે અને કયારે ઘડ્યો.

(6) "SQ3R" સમજાવો.

(7) દૂરવર્તી અધ્યાપકો ના પ્રકારો જણાવો.

(8) શૈક્ષણિક સલાહકાર ના કાર્યો જણાવો.

(9) વિકાસાત્મક મૂલ્યાંકન અને સંકલનાત્મક મૂલ્યાંકન નાં બે-બે મુદ્દા જણાવો.

(10) દૂરવર્તી શિક્ષણ દ્વારા ચાલતી કોઇપણ પાંચ યુનિવર્સિટી ના નામ આપો